## હા... સાહેબ !

"યા દેવી સર્વ ભુતેષુ, ભ્રાન્તિ રૂપેણ સંસ્થિતામ્ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ:।"

"વાહ..! આદ્યશક્તિની ઉપાસનાના અંતિમ ચરણે શ્રી દેવી સુકતમ્‌નો પાઠ કર્યો કે શું..?!"

"હા... સાહેબ..! જીવન જીવવાનો માર્ગ બતાવ્યો છે... શ્રીદેવી સુકતમ્‌માં..! તમને તો ખબર જ હશે ને..!?!"

"આછી પાતળી ખરી..!! પણ ચર્ચા કે ચિંતન કરવાની ક્ષમતા નહીં..!!"

"સાહેબ... દેવી સુકતમ્‌નું આ ચરણ જીવન જીવવાની દૃષ્ટિ ખોલી નાંખે છે..! જીવનમાં બધે જ સત્યના પારખા ના કરાય..! કેટલુંક ભ્રાન્તિમાં જીવી લેવું જોઈએ કે જેથી દુ:ખી ઓછા થવાય..!"

"ઓ...હો..! જોરદાર વાત કરી તમે તો..! આ તો જીવન જીવવાની કલાનું એક પ્રકરણ કહી દીધું..!! મઝા પડી ગઈ..!! આજ આપણી કમનસીબી છે ને, કે ગંગાકિનારે બેઠા છીએ ને તોય તરસ્યાને તરસ્યા જ છીએ..! આપણે આપણને સમજતા નથી અને બીજાને સમજવાની અને સમજાવવાની મથામણ કરીએ છીએ... આપણે આપણી જાત સાથે વાત નથી કરતાં ને દુનિયા સાથે તડાકા મારીએ છીએ... આપણે આપણા શાસ્ત્રો વાંચતા નથી અને દુનિયાના થોથા લઈને ફરીએ છીએ..!"

"હં... અ..! મુડ કંઈક અલગ લાગે છે આજે ..!! આજે ફટકાબાજી પણ ચોટદાર છે..! અને વિચારો પણ ધારદાર નીકળે છે..!!"

"નીકળે જ ને..?! અનુષ્ઠાનનું ફળ છે..! શક્તિરૂપેણ - માતૃરૂપેણ -બુદ્ધિરૂપેણ - ક્રાન્તિ રૂપેણ - વિદ્યારૂપેણ જેવા જીવનના વૈવિધ્ય પડાવ ઉપર આંતરિક શક્તિ પ્રગટે તેવી પ્રાર્થના કરી છે..!! યુદ્ધ અને બુદ્ધ બન્નેને સમાવ્યા છે..! પણ સાહેબ..! આજે સ્થિતિ વિપરીત થતી જાય છે..! એનો બળાપો છે..!"

"એટલે...એટલે...એટલે..?!"

"એટલે કે, દંભ અને દેખાડાની વચ્ચે માણસ ખોવાતો જાય છે..! કરૂણા અને કૃતઘ્નતાનો કચ્ચરઘાણ વળતો જાય છે..! સંબંધોના શો-કેસમાં લાગણીઓના બનાવટી ફૂલ ગોઠવાયા છે..!! અને જીવનની અગ્રતાઓમાં સત્તા અને સંપત્તિનું સ્થાન મોખરે છે..!! અને..."

"હવે... અને... નહિ..! બહુ અઘરૂ અઘરૂ કહી નાંખ્યું..! થોડુંક થોડુંક રાખો તો અપચો ના થાય..!! આ તો ભારેખમ લાગે છે..!!"

"હા... લાગેજ ને..?! પારકી પંચાતમાં જ આપણે બધા કેવા પાવરધા..!! અને પોતાની આવે તો... ભારે પડે છે..!! કયો ન્યાય છે આ..!!"

"ન્યાય-અન્યાયની વાત નથી... સહજ સ્વભાવની વાત છે... પંચાત પારકી હોય કે પોતાની... પંચાત એ પંચાત જ છે..!!"

"સો ટકા..! પંચાત આપણો સ્વભાવ થઈ ગયો છે..! અને હવે તો પંચાત આપણા સંસ્કાર બનતા જાય છે..! પણ મઝા એ પંચાતમાં જ પડે છે..?! પોતાનું આવે ત્યારે જ ભાંજગડ..!!"

"હવે એમ લાગે છે..! સાચ્ચેજ શક્તિની ઉપાસના ખુબ પ્રમાણિકતાથી કરી હોય એવો અહેસાસ થાય છે..!"

● અનુસંધાન પાન-૭ પર



આસમાની રંગની ચુંદડી રે.... - મા-આદ્યશક્તિની આરાધનાના પાવન પર્વના અંતિમ ચરણમાં ગરબાની જમાવટ થઈ રહી છે... શહેરના શેરી ગરબા હોય કે પાર્ટી પ્લોટ હોય મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘુમવા ઉમટે છે... ગરબે ઘુમવાનો જેટલો ઉત્સાહ યુવાનોમાં હોય છે એટલો જ ઉત્સાહ નાના-નાના ભૂલકાઓમાં પણ જોવા મળી રહ્યો છે... નવરાત્રીના સાતમા નોરતે યુવાનો મન મૂકીને ગરબે ઘુમ્યા હતા....

# 'વિકાસ ગાંડો થયો છે'ની વાતો એ રાજકીય હતાશા છતી કરે છે : રૂપાણી

**તંત્રના અધિકારીઓ હા બોલતા થયા છે અને અમે ખોટુ કામ લઈ આવનારાઓ માટે ના બોલતા થયા છીએ : મારી સરકારે એક વર્ષમાં ક્ષણેક્ષણ ગુજરાત માટે વાપરી છે : કોબામાં મુખ્યમંત્રીએ કામગીરીનો હિસાબ આપ્યો**



ગાંધીનગર, તા. ૨૮

હવે તંત્રના અધિકારીઓ હા બોલતા થયા છે અને અમે રાજકારણીઓ ખોટુ કામ લઈ આવનારાઓ માટે ના બોલતા થયા છીએ તે પરિવર્તન વિકાસની રાજનીતિથી આવ્યુ છે તેમ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ.

તેમણે કહ્યુ કે અમે આ ચૂંટણીમાં પણ વિકાસના મુદ્દાને જ લઈ જવાના છીએ. ભલે વિકાસની જેને સમજ નથી તેવા વિકાસ વિરોધીઓ-વિપક્ષો વિકાસ થયો નથી, વિકાસ ગાંડો થયો છે તેવી ટિપ્પણીઓ કરી પોતાનું રઘવાયાપણુ, હારની હતાશા છતી કરે છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

રૂપાણીએ કહ્યુ કે ૭૧ વર્ષપછી પણ ટોયલેટ નથી બનાવી શક્યા તે જ બતાવે છે કે તેમને માત્ર ને માત્ર સરકારો ચલાવવામાં રસ હતો અને વિકાસની કોઈ ચિંતા ન હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી પંચ ઓક્ટો.ના બીજા સપ્તાહમાં રાજ્યના પ્રવાસે

**મુખ્ય ચૂંટણી અધિકારી સ્વૈનની અધ્યક્ષતામાં આજે રાજકીય પક્ષોના આગેવાનોની બેઠક મળશે**

ગાંધીનગર, તા. ૨૮

ભારતનું ચૂંટણી પંચ ઓક્ટોબર માસના બીજા સપ્તાહના આરંભમાં ગુજરાતમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચ ગુજરાતની મુલાકાત વેળાએ તંત્રના અધિકારીઓ સાથે બે તબક્કામાં વાતો કરશે. પ્રથમ ચૂંટણી અધિકારીઓ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક કરશે. આ પછી રાજ્યના પોલીસ અધિકારીઓ અને કલેક્ટરોને સાથે રાખી કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરશે.

ત્યારબાદ તે રાજકીય પક્ષો સાથે પણ વાતચીત કરશે. પંચ બે દિવસ ગુજરાતમાં રોકાશે તેવી શક્યતાઓ છે. તેઓ રાજ્યના મુખ્ય સચિવશ્રીને પણ રાજ્ય પોલીસ વડાની સાથે પણ અલગથી બેઠક કરશે.

પંચ બીજા દિવસે દિલ્હી પરત જતાં પહેલાં પત્રકાર-પરિષદ પણ યોજશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે. રાજ્યમાં ઈ.વી.એમ.ની સાથે વી.વી.પેટનો ઉપયોગ કરવાનો હોવાથી સમીક્ષા ઝીણવટભરી કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળ્યા છે.

મતદારયાદી, કર્મચારી-અધિકારીઓની તાલિમ સહિતના મુદ્દાઓ પણ સમીક્ષા બેઠકમાં આવરી લેવામાં આવશે.

પંચ દિપાવલી પર્વ પછી ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીઓ અંગે વિધિવત્ જાહેરાત કરશે. મળતા નિર્દેશો મુજબ પંચ ગુજરાતમાં બે તબક્કે જ મતદાન થાય તે દિશામાં જ આગળ વધશે. કેન્દ્રીય ચૂંટણી પંચ નિષ્પક્ષ અને સારા વાતાવરણમાં ચૂંટણીઓ યોજવા વિચારણા કરશે. પંચ આખુ ગુજરાત આવી રહ્યુ હોવાથી તંત્ર દ્વારા તે અંગેની તૈયારીઓ પણ અલગથી કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં ૨૦૧૨ની ચૂંટણી પછી ૫૨ લાખ જેટલા મતદારો વધ્યા છે અને મતદાન મથકોની સંખ્યામાં પણ જે રીતે વધારો થયો છે તે ધ્યાને રાખે બે તબક્કામાં જ શાંતિપૂર્ણ વાતાવરણમાં નિષ્પક્ષ ચૂંટણી યોજવાના મૂડમાં હોવાનું મનાઈ રહ્યું છે.

ગુજરાતમાં ચૂંટણી માટે વી.વી. પેટ અને ઈ.વી.એમ. અન્ય રાજ્યોમાંથી આવી રહ્યા છે. ખાસ કરીને વી.વી. પેટ મશીનો હજુ ૩ થી ૪ જિલ્લામાં પહોંચાડવાની કામગીરી ચાલુ છે અને તે એકાદ સપ્તાહમાં પહોંચી ગયા બાદ પંચ ગુજરાતમાં તૈયારીઓની સમીક્ષા માટે આવશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

દરમ્યાન રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે રાજ્યના રાજકીય પક્ષોના આગેવાનોની બેઠક બોલાવી છે. તેમાં વી.વી. પેટ મશીનનું નિદર્શન તેમજ મતદારયાદી સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરશે.

# ગાંધીનગરના પનઘટનો રાજ્યકક્ષાએ ગરબામાં ડંકો

**રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં નગરની પનઘટ સંસ્થાની દીકરીઓ પ્રાચીન ગરબામાં પ્રથમ અને અર્વાચીન ગરબામાં દ્વિતિય સ્થાન મેળવી ગૌરવ વધાર્યુ છે...**





# જી આઈ ડી સી વિસ્તારમાં ગટરની સમસ્યાને ડામવા લાઈનને જોડાણ આપવાનુ કામ શરૂ

**સે-૨૪ ચોકડી પાસે કામગીરીને અનુલક્ષી ટ્રાફિક વન વે : સપ્તાહમાં કામ પુર્ણ થશે**

ગાંધીનગર તા ૨૮

શહેરમાં પાણી ગટરને લગતી સમસ્યા છેલ્લા કેટલાક સમયથી પેચીદી બની છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો આક્રોશ પ્રવર્તાયો છે. ત્યારે બીજીતરફ ગટરલાઈનની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. શહેરના જી આઈ ડી સી વિસ્તારમાં પણ લાંબા સમયથી ગટરોનો પ્રશ્ન જટીલ બન્યો છે. જેને નિવારવા માટે તંત્ર દ્વારા હાલ લાઈનને જોડાણ આપવાનુ કામ ચાલી રહયુ છે. સે-૨૪ પાસે ગટર લાઈનની કામગીરીને અનુલક્ષી માર્ગ પર ટ્રાફિકની અવરજવર પણ વન વે કરી દેવાઈ છે.

શહેરના સેકટરોમાં પાણીની પોકાર સાથે ગટરો ઉભરાવાની સમસ્યા પણ પેચીદી બની છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે દાયકાઓ જુની ગટર લાઈન પણ વસતી મુજબ અપગ્રેડ કરવાની જરૂરીયાત ઉભી થઈ છે. ગત વરસાદી દિવસો દરમિયાન તંત્ર માટે ગટર લાઈનને થીગડા મારવાનુ કામ અત્યંત મુશ્કેલ બન્યુ હતુ. વરસાદી દિવસોમાં ગટર લાઈનની મુખ્ય ચેમ્બરમાં ગાબડા અસ્તિત્વમાં આવતા સેકટરોમાં ઘણાં ઠેકાણે ગટરો ઉભરાતી થઈ હતી .જો કે હજુ સેકટરોમાં ગટરોની સમસ્યા હલ થઈ નથી. રોજબરોજ સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની સમસ્યા ધ્યાને આવે છે. શહેરના જી આઈ ડી સી

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરીમાં સારથી ફોર અપગ્રેડ માટે બે દિવસ કામગીરી ઠપ્પ થઈ જશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં સારથી ફોર સોફટવેરનુ નવુ વર્ઝન અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવાની હોવાથી આગામી તા ૩ અને ૪ ઓકટોબર દરમિયાન આર ટી ઓ કચેરીમાં લાયસન્સ સંબંધિત તમામ કામગીરી તેમજ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ રહેશે.

**આગામી ૫ ઓક્ટોબરથી રાબેતા મુજબ કામ શરૂ થશે**

ગાંધીનગરની પેપરલેસ કહેવાતી આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. અત્યારસુધી ઘણીવાર આવા કિસ્સા બનવા પામ્યા છે. જેના લીધે અરજદારોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અગાઉ પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવાના લીધે અનેકવાર વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાના કીસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જયારે હાઈટેક કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનો દાવો પણ પોકળ પુરવાર થયો છે. આર ટી ઓ કચેરી રાજયની પ્રથમ હાઈટેક કચેરી હોવાનુ પણ માનવામાં આવી રહયુ છે. આમ છતા આર ટી ઓ સંકુલમાં પાર્કીંગ સહીતની સુવિધાઓ ખાડે ગયેલી છે. વર્ષોના અંતે પણ આર ટી ઓ કચેરીમાં વાહન પાર્કીંગની યોગ્ય સુવિધા થઈ શકી નથી. જેના લીધે ગ માર્ગ પર વચાળે જ વાહનોનો ખડકલો કરી દેવાય છે. આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિકના નિયમોનુ ઉલ્લંઘન થાય છે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં સારથી ફોર અપગ્રેડ કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે આ પ્રક્રીયાના લીધે બે દિવસ સુધી આર ટી ઓ કચેરીનો વહીવટ ઠપ્પ થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com